૨

વર્ષ ૨૦૧૯-૨૦

વર્ષ ૨૦૧૬-૧૭ની માંગણી નંબર ૪ હેઠળની રાજ્યની ડેરી વિષયક વિવિધ પ્રોત્સાહક યોજનાઓ હેઠળ સહાય ચુકવવાની સમય મર્યાદા લંબાવવા બાબત

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સીડીએસ/૧૧/૨૦૧૭/૮૯૭/પી.૧
સચિવાલય, ગાંધીનગર,
તા.૦૭/૦૩/૨૦૨૦.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
-9 MAR 2020
11/49
શાખા

**વંચાણે લીધા:-**

(૧)કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીડીએસ/૧૧/૨૦૧૪/૩૨૮૨/પી.૧, તા.૦૨/૧૧/૨૦૧૫

(૨)કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીડીએસ/૧૧/૨૦૧૫/૨૯૫૭/પી.૧, તા.૦૫/૦૫/૨૦૧૬

(૩)કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીડીએસ/૧૧/૨૦૧૪/૩૩૮૧/પી.૧, તા.૧૧/૦૭/૨૦૧૬

(૪)કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીડીએસ/૧૧/૨૦૧૭/૮૯૭/પી.૧, તા.૦૯/૦૫/૨૦૧૭

(૫)કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીડીએસ/૧૧/૨૦૧૭/૮૯૭/પી.૧, તા.૦૩/૧૦/૨૦૧૮

(૬)કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીડીએસ/૧૩૨૦૧૮/૧૭૭૪/પી.૧, તા.૦૮/૦૪/૨૦૧૯

(૭)પશુપાલન નિયામકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જાનં/ડેરી/૧૦-૧૭/૭૦૪/૧૯, તા.૧૪/૦૫/૨૦૧૯

(૮)પશુપાલન નિયામકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ જાનં/ડેરી/સહાય/ફા.૦૩/૧૬૬૫-૬૬/૧૯, તા. ૧૫/૧૦/૨૦૧૯

**આમુખ:-**

વંચાણે લીધા-(૧) ના આ વિભાગના ઠરાવથી વર્ષઃ ૨૦૧૫-૧૬ માં રાજ્યમાં જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને કેટલફીડ ફેક્ટરી તથા સંદર્ભ (૨) અને (૩) હેઠળના વિભાગના ઠરાવોથી વર્ષઃ ૨૦૧૬-૧૭માં રાજ્યમાં જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને કેટલફીડ ફેક્ટરી તથા એરિયા સ્પેસીફિક મીનરલ મીક્ષ્ચર પ્લાન્ટની સ્થાપના અંગેની વિવિધ યોજનાઓ અમલમાં હતી.

ઉપર વંચાણે લીધેલ(૪) હેઠળના આ વિભાગના ઠરાવથી ઉક્ત યોજનાઓ અંતર્ગત બાકી રહેલ સહાયની ચૂકવણીઓ માટે સહાય ચૂકવવાની સમયમર્યાદા તા.૩૦/૦૯/૨૦૧૭ સુધી તેમજ વંચાણે લીધેલ (૫) હેઠળના આ વિભાગના ઠરાવથી ઉક્ત યોજનાઓ અંતર્ગત બાકી રહેલ સહાયની ચૂકવણીઓ માટે સહાય ચૂકવવાની સમયમર્યાદા તા.૩૧/૧૨/૨૦૧૮ સુધી લંબાવવામાં આવેલ હતી.

નિયામકશ્રી, પશુપાલનની કચેરીના વંચાણે લીધેલ (૭) અને (૮) હેઠળના પત્રોથી વંચાણે લીધેલ(૧)થી(૩) હેઠળના ઠરાવવાળી યોજનાઓ અન્વયે ભરૂચ સંઘની કેટલ ફીડ ફેક્ટરીની યોજનાની બીજા હપ્તાની ગ્રાંટ ફાળવણી માટે સહાયની રકમ રૂ.પાંચ કરોડનો ખર્ચ સંદર્ભ (૬) હેઠળના વર્ષ ૨૦૧૯-૨૦ની માં.નં. ૪-૨૪૦૪-૦૦૧-(૦૩) ચાલુ બાબત હેઠળની ડેરી વિકાસની યોજનામાંથી આઠ માસિક સુધારેલા અંદાજોમાં સરભર કરવાની શરતે અને વર્ષ ૨૦૧૬-૧૭ની જી.પં.નર્મદાના ડીડીઓ પી.એલ.એ. ખાતે જમા રહેલ રકમ રૂ.૬૯.૭૬૬ લાખની વર્ષ ૨૦૧૯-૨૦માં ભરૂચ ડેરી સંઘના મિનરલ મિક્સર ફેક્ટરી માટે ખર્ચ કરવાની સમયમર્યાદા લંબાવી આપવા કરેલ દરખાસ્તને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે રાજ્યના પશુપાલકોના બૃહદ હિતને ધ્યાનમાં રાખી વર્ષ: ૨૦૧૫-૧૬ તથા વર્ષ ૨૦૧૬-૧૭માં રાજ્યમાં જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘોને કેટલફીડ ફેક્ટરી તથા એરિયા સ્પેસીફિક મીનરલ મીક્ષ્ચર પ્લાન્ટની સ્થાપના અંગેની યોજનાઓ અંતર્ગત ભરૂચ સંઘની કેટલ ફીડ ફેક્ટરીની યોજનાની બીજા હપ્તાની ગ્રાંટ ફાળવણી માટે સહાયની રકમ રૂ.૫.૦૦ (અંકે રૂપિયા પાંચ કરોડ પુરા) કરોડનો ખર્ચ વિભાગના તા.૦૮/૦૪/૨૦૧૯ ના ઠરાવથી વર્ષ ૨૦૧૯-૨૦ની માં.નં.૪-૨૪૦૪-૦૦૧-(૦૩) ચાલુ બાબત હેઠળની ડેરી વિકાસની યોજનામાંથી આઠ માસિક સુધારેલા અંદાજોમાં સરભર કરવાની શરતે અને વર્ષ ૨૦૧૬-૧૭ની જી.પં.નર્મદાના ડીડીઓ પી.એલ.એ. ખાતે જમા રહેલ રકમ રૂ.૬૯.૭૬૬ લાખની વર્ષ ૨૦૧૯-૨૦માં ભરૂચ ડેરી સંઘના મિનરલ મિક્સર ફેક્ટરી માટે ખર્ચ કરવાની મંજૂરી આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૪/૦૩/૨૦૨૦ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

"ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે"

(સુમીત ચૌધરી)
સેક્શન અધિકારી,
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(પશુપાલન)ના અંગત સચિવશ્રી, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પશુપાલન)નાઅંગત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(કૃષિ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, પશુપાલન નિયામકની કચેરી, કૃષિભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (ES-૧એકાઉન્ટ જનરલ (અમદાવાદ)E&RS Audit) ગુજરાત, ત્રીજો માળ, ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ૩૮૦૦૦૯-
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,(એ એન્ડ ઇ) રાજકોટ

- જીલ્લા તિજોરી અધિકારીશ્રી(નર્મદા)
- સંબંધિત જીલ્લા પંચાયત(નર્મદા)
- સેક્શન અધિકારીશ્રી(IT)સેલ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મૂકવાની વિનંતી સહ
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ શાખા
- પસંદગી ફાઇલ